**કપડવંજના મહે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ક્રિમિનલ કેસ નંબર– 247/2026**
**આંક–**

**ફરીયાદી - શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી - ગણપતસિંહ ભુલાભાઈ પરમાર, ઉ.વ.પુખ્ત,**
**રહે.જુનામુવાડા,નિશાળવાળુ ફળીયુ,તા.કપડવંજ,જી.ખેડા**

**- ગુનો-એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ**

**૧.** આ કામના આરોપી સામે આ અદાલતની હકુમતમાં તા **૦૯.૧૨.૨૫** નારોજ **કલાક-૨૧-૦૦ વાગે** વગર પરમીટે દારુ પી જાહેરમાં પોતાની હીરોકંપનીની એચએફ ડીલક્ષ મોટર સાયકલ નં. જીજે૦૭ સીસી ૦૬૮૫ ની રેલાતી સર્પાકાર હંકારી લઈ આવી મળી આવી પકડાઈ જતાં એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબનું ચાર્જશીટ કરેલ છે.

**૨.** આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓની વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ છે બાદ આ કામે આરોપીનું ગુનાનું નિવેદન લેવામાં આવેલ છે. તેમજ આરોપીએ અદાલત સમક્ષ અલગથી ગુના કબુલાત પુરસીસ આપેલ છે તે બાદ ગુના અંગે તેઓનું નિવેદન લેતાં પુછતાં આરોપી ગુનો કબુલ છે તેમ જણાવે છે તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર થતો હોય આરોપીને સજા અંગે સમજ કરેલ છે. આરોપીની રજુ પુરસીસની હકીકતો ધ્યાને લેતાં તેઓ ગરીબ તથા કુટુંબકબીલાવાળા હોય તેઓની જવાબદારી ધ્યાને લેતાં તેઓએ ગુના બદલ અત્રેની કોર્ટ સમક્ષ પસ્તાવો વ્યકત કરી દયા રહેમ કરવા વિનંતી કરતા હોય તેઓની અત્રેની કોર્ટ સમક્ષ ગુનાની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લઈ આથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આરોપીને બી.એન.એન.એસ.ની કલમ–**૨૭૫**– મુજબ **એમ.વી.એકટ કલમ ૧૮૫** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રુ.૩૫૦૦/–(અંકે રુ.ત્રણ હજાર પાંચસો પુરા)** રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

વધુમા આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૦૨– ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

મુદામાલ જો હોય તો, નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજરોજ તા.**૧૪ માર્ચ, સને ૨૦૨૬** નારોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

કપડવંજ
તા.૧૪/૦૩/૨૦૨૬

**(ટી.વી.જાદવ)**
એડીશનલ ચીફ જયુ.મેજીસ્ટ્રેટ
કપડવંજ, કોડ.નં.જીજે૦૦૬૦૨